# Career Counselling & Development Centre
## Saurashtra University, Rajkot

104, 1st Floor, Academic Centre,
B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

CCDC

Dr. N.A. SHAH
Co-Ordinator

Re-Accredited
Grade A by NAAC


Ref.:
Date: 17/05/2017

## પ્રેસનોટ

**વેકેશનનાં સદ ઉપયોગ માટે.....**
**કેરીયર કાઉન્સેલીંગ સેલ (યુ.જી.સી.) અને કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં સંયુક્ત ઉપક્રમે....**
**કારકિર્દીલક્ષી "ડેવલપીંગ સોફ્ટ સ્કીલસ્" વિષયક ૧૫ દિવસીય નિઃશુલ્ક કાર્યશાળા યોજાશે....**
**૧ જૂનથી શરૂ કરાશે....**
**કોમ્યુનીકેશન સ્કીલ, પોઝીટીવ લર્નીંગ એટીટયૂડ, પર્સનાલીટી ડેવલોપમેન્ટ, બોડી લેંન્ગવેજ, ટાઈમ મેનેજમેન્ટ, લીડર શીપ એન્ડ માર્કેટીંગ સ્કીલસ, હાઉ ટુ ફેસ ઈન્ટરવ્યુ વિગેરે આવશ્યક કારકિર્દી લક્ષી આયામોની તાલીમનું આયોજન....**
**નવતર પ્રકલ્પ....**

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) નાં માધ્યમથી રોજગાર લક્ષી માર્ગદર્શન તથા તાલીમનું આયોજન અવારનવાર કરવામાં આવે છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે, U.P.S.C./G.P.S.C., બેંકીગ પ્રોબેશન ઓફિસર, સ્ટાફ સીલેકશન, ગુજરાત ગૌણ સેવા વિગેરેની તાલીમનાં વર્ગો રેગ્યુલર બેઈઝ પર ચલાવવામાં આવે છે. ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિશ્રી દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તારનાં વિદ્યાર્થીઓને કારકિર્દી લક્ષી માર્ગદર્શન તથા સરકારી તેમજ બિન સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ મલ્ટી નેશનલ કંપનીઓમાં વિદ્યાર્થીઓ રોજગાર પ્રાપ્ત કરી શકે તથા વ્યક્તિગત વિકાસમાં વિશ્વ વિદ્યાલય સક્રીય પ્રયત્નો કરે તે ઉદ્દેશ સાથે સી.સી.ડી.સી. ના માધ્યમ થી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલીમ સાથે વિદ્યાર્થીઓના કૌશલ્યને વિકસીત કરવા વિવિધ પ્રકારની કાર્યશાળાઓમાં નિષ્ણાંતો મારફતે તાલીમ આપવાનાં પ્રકલ્પો શરૂ કરાયેલ છે. આજનાં સ્પર્ધાત્મક યુગમાં માત્ર સ્નાતક કે અનુસ્નાતક ઉપાધિ મેળવી લેવી પર્યાપ્ત નથી સાથે સ્પર્ધાના યુગમાં MULTI DIMENTIONAL SKILLS (વિવિધલક્ષી કુશળતા) તથા બૌદ્ધિક ચાતુર્યનો વ્યવહારિક ઉપયોગનું જ્ઞાન પણ રોજગારી માટે આવશ્યક છે ત્યારે સૌરાષ્ટ્રના યુવા વર્ગને આ માટે સજ્જ કરવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એ સી.સી.ડી.સી. ના માધ્યમથી વિવિધ પ્રકારની તાલીમોના આયોજનો કરવાની યોજનાઓ બનાવેલ છે. તેના ભાગરૂપે તા. ૦૧–૦૬–૨૦૧૭ ગુરૂવારથી "ડેવલપીંગ સોફ્ટ સ્કીલસ્" વિષયક ૧૫ દિવસીય કાર્યશાળાનું આયોજન કરાયેલ છે.

શાળા – કોલેજનાં વિદ્યાર્થીઓ વેકેશનનો સદઉપયોગ કારકીર્દીલક્ષી તાલીમ મારફત કરી શકે તે મો જાણીતા તજજ્ઞશ્રી લલીત ચંદે મારફત ભાગ લેનાર છાત્રોને વિનામુલ્યે ૩૦ કલાકની તાલીમ આપવામાં આવનાર છે. આ વિવિધલક્ષી કાર્યશાળામાં આજના સ્પર્ધાત્મક યુગમાં રોજગારી માટે જરૂરી આયમો જેવા કે પોઝીટીવ લર્નીંગ એટીટયૂડ, ટાઈમ મેનેજમેન્ટ, કોમ્યુનિકેશન સ્કીલ (સ્પોકન ઈંગ્લીશ) પર્સનાલીટી ડેવલોપમેન્ટ, બોડી લેન્ગવેજ, પ્રિપરેશન ફોર ઈન્ટરવ્યુ, ઈફેકટીવ પ્રેઝન્ટેશન, લીડરશીપ એન્ડ માર્કેટીંગ સ્કીલસ્ વગેરેની તાલીમ વિદ્યાર્થીઓને આપવામાં આવનાર છે. સી.સી.ડી.સી. ના કો–ઓર્ડિનેટર ડૉ. નિકેશ એ. શાહે જણાવેલ કે તા. ૦૧–૦૬–૨૦૧૭ થી ૧૫–૦૬–૨૦૧૭ થી ૧૫ દિવસીય કાર્યશાળામાં દરરોજ સવારે ૮ થી ૧૦ (૨ કલાક) યુનિવર્સિટી કેમ્પસ ખાતે આ વિવિધલક્ષી કૌશલ્યનાં નિષ્ણાંત શ્રી લલીત ચંદે દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવશે. વિદ્યાર્થીઓ વેકેશનનો સદ્ ઉપયોગ રોજગાર લક્ષી કારકિર્દી ઘડતર અને વ્યક્તિત્વ વિકાસના આયામોની તાલીમથી કરે તે અંગેનું વિશિષ્ટ આયોજન કરવામાં આવે છે. આ કાર્યશાળામાં જોડાવા માટે વિદ્યાર્થીઓ તા. ૩૦–૫–૨૦૧૭ સુધીમાં અરજીપત્રક મેળવી જમા કરાવવાનું રહેશે. આ કાર્યશાળા અંગેની વધુ માહિતી માટે કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) ૧૦૪, એકેડેમીક સેન્ટર, પહેલો માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ પર સંપર્ક કરવા વિનંતી.

પ્રતિ,

તંત્રીશ્રી,

ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.

આભાર સહ,

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)